| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૧/૦૫/૨૦૨૩ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૭૬૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૦૩ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૧૩ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૭૬૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી:- સમાચાર યાદી નં.૭૬૭/૨૦૨૩

**કાલુપુરઃ** જયપ્રકાશ અશોકકુમાર ગોલેચા (ઉ.વ.૪૮)(રહે.સ્વસ્તીક સોસાયટી, સામદેવ હોસ્પિટલ સામે, નવરંગપુરા) એ તા.૧૦/૦૫/૨૦૨૩ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નવેમ્બર/૨૦૧૯ થી ઓગસ્ટ/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર, વૈભવલક્ષ્મી કોમ્પલેક્ષના બેઝમેન્ટમાં આવેલ દુકાન નંબર-૨ "હનીવર્ડ ટેક્ષફેબ પ્રા.લિ. કંપની" ખાતે આરોપી (૧) ગૌતમચંદ નૈનમલ સિંધવી (૨) વિપુલ ગૌતમચંદ (બંને રહે. રીખબદાસ ઠેકેદાર ની ગલી, શીવકર રોડ, કલ્યાણપુરા, બાડમેર, રાજસ્થાન સિંધવી (૩) જનક ગેહલોત (જેના પુરા નામઠામની ખબર નથી) એ ભેગામળી જયપ્રકાશ ગોલેચા સાથે ધંધો કરવાનુ કહી "હનીવર્ડ ટેક્ષફેબ પ્રા.લિ. કંપની" માં રૂપિયાનુ રોકાણ કરાવી ભાગીદારી શરૂ કરી, એકબીજાની મદદથી પોતાના અંગત ફાયદા સારૂ કંપનીના બેંક એકાઉન્ટમાંથી જયપ્રકાશ ગોલેચાની જાણ બહાર અલગ-અલગ બેંક એકાઉન્ટમાં કુલ રૂપિયા ૭૬,૪૫,૨૦૩/- મેળવી લઇ જઇ જયપ્રકાશ ગોલેચા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.કરમુર ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૭૬૮/૨૦૨૩**

**ખાડીયાઃ** જીતેન્દ્રકુમાર કાનારામ ઘાંચી (ઉ.વ.૨૮)(રહે.મોતીભાઇની ખડકી, માંડવીની પોળ, માણેકચોક) એ તા.૧૦/૦૫/૨૦૨૩ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૪/૨૦૨૩ સવારના ૪/૧૫ વાગ્યાના સુમારે માંડવીની પોળના નાકે માણેકચોક તરફ જવાના રોડ ઉપર ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક ફોર વ્હીલર ગાડીમાં ડ્રાઇવર અને ગાડીમાં બેસેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી જીતેન્દ્રકુમારને "તમારે ગાડીમાં બેસવુ છે" તેમ કહી જીતેન્દ્રકુમારને નજીક બોલાવી, તેમના ગળામા પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.પરમાર ચલાવે છે.

**ગાડીનો કાચ તોડી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૬૯/૨૦૨૩**

**ઓઢવઃ** રાકેશભાઇ પ્રવીણભાઇ પ્રજાપતિ (ઉ.વ.૪૨)(રહે.અક્ષરદીપ સોસાયટી મનમોહન ચાર રસ્તા નિકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૫/૨૦૨૩ સવારના ૯/૧૫ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ છોટાલાલની ચાલી ગાયત્રી મંદીર આગળ પાર્ક કરેલ પોતાની ઇક્કો ગાડીનો આગળના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ગાડીમાંથી બેગ ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૫૦,૦૦૦/-, પેન ડ્રાઇવ અને અગત્યના દસ્તાવેજો મુકેલ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**પાણી ભરેલ ટાંકીમાં પડી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૭૦/૨૦૨૩**

**વટવા જીઆઇડીસીઃ** તા.૦૧/૦૫/૨૩ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે વટવા જીઆઈડીસી સમીર હોટલની બાજુમા લવલેશ સોસાયટી ખાતે રહેતા રોહનકુમાર મુકેશકુમાર ઠાકુરનો એક વર્ષ પાંચ મહિના ઉંમરનો પુત્ર જયંત પોતાના ફળીયામા રમતો હતો દરમ્યાન રમતા-રમતા ફળીયામા આવેલ પાણીથી ભરેલ ટાંકીમાં પડી જતા સારવાર અર્થે તેને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૫/૨૩ સવારના ૫/૩૦ વાગે તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.મકરાણી ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૭૧/૨૦૨૩**

**ઘાટલોડીયાઃ** હરીશકુમાર દિનેશકુમાર સુરેલા (ઉ.વ.૩૫)(રહે.ક્રિષ્ણા એપાર્ટમેન્ટ, સી.એમ.સી. ચાર રસ્તા પાસે ઓઢવ) તા.૦૩/૦૫/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે નારણપુરા સરદાર પટેલનગર બી-બ્લોકના આઠમા માળે ઓમેગા લીફ્ટની કંપનીમા લીફ્ટનુ કામ કરતી વખતે પ્રાઇમસ વડે સીસુ ગરમ કરતા હતા ત્યારે પ્રાઇમસ ફાટતા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને નરોડા શેલ્બી હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૫/૨૦૨૩ સવારના ૧૦/૨૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયશ્રીબહેન જીતેન્દ્રકુમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૭૨/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** જનુભાઇ કેશુભાઇ ચાવડા (ઉ.વ.૬૯)(રહે,કલાસાગર સ્કાઇ, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૫/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચીમ કિનારે શાશ્ત્રીબ્રિજ નિચે પોતાની જાતે બ્રિજ ઉપરથી નદીના પટમા કુદી પડતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જાહિદભાઇ બલદારભાઇ ચલાવે છે.

**ઇસનપુરઃ** રાકેશભાઇ ગોવિંદભાઇ ખત્રી (ઉ.વ.૪૮)(રહે.વિશાલનગર સ્વામીનારાયણ સોસાયટી સામે ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૫/૨૦૨૩ સવારના ૯/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

**વટવાઃ** સંજનાબહેન વા/ઓ અનીલભાઇ જૈન (ઉ.વ.૨૭)(રહે.નવજીવન ફ્લેટ નારાયણ ક્રિસ્ટલ ની બાજુમા નવાપુરા મેદાન વટવા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૫/૨૦૨૩ બપોરના ૧/૩૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એચ.રબારી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી